# Asia Economic Dialogue - 2023 (February 23-25, 2023)

February 22, 2023

# એશિયા ઈકોનોમિક સંવાદ - 2023 (ફેબ્રુઆરી 23-25, 2023)

22 ફેબ્રુઆરી, 2023

એશિયા ઈકોનોમિક ડાયલોગ (AED) એ જીઓઈકોનોમિક્સ પર મંત્રાલયની વાર્ષિક ફ્લેગશિપ ઈવેન્ટ છે, જેનું આયોજન પૂણે ઈન્ટરનેશનલ સેન્ટરના સહયોગથી કરવામાં આવે છે.

2. AED ની 7 મી આવૃત્તિ પુણેમાં 23-25 ફેબ્રુઆરી 2023 દરમિયાન યોજાશે. આ સંવાદની મુખ્ય થીમ 'એશિયા એન્ડ ધ ઈમર્જિંગ વર્લ્ડ ઓર્ડર' છે. વૈશ્વિક દક્ષિણ G20 એજન્ડાને કેવી રીતે આકાર આપશે; મેટાવર્સ: ભવિષ્યને સમજો; અને મીટિંગ ક્લાઈમેટ ટાર્ગેટ: ધ રોડ અહેડ જેવા વૈશ્વિક વિકાસની સંભાવનાઓનાં વિષયો પર આ સંવાદમાં ચર્ચા કરાશે

3. સંવાદનું ઉદઘાટન સત્ર વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર, ભૂટાન રોયલ ગવર્નમેન્ટનાં નાણા મંત્રી મહામહિમ શ્રી લ્યોન્પો નામગે શેરિંગ, અને માલદિવ્સનાં નાણામંત્રી મહામહિમ શ્રી ઈબ્રાહિમ આમીર વચ્ચે વાતચીત દ્વારા થશે.

4. બ્રાઝિલ, યુએસએ, યુકે, દક્ષિણ આફ્રિકા, ભૂટાન, માલદીવ્સ, સ્વિટ્ઝર્લેન્ડ, સિંગાપોર અને મેક્સિકો સહિતના વિવિધ દેશોના 44 થી વધુ વક્તા આ સંવાદમાં ભાગ લેશે. AEDની વેબસાઈટ અને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા મોટી સંખ્યામાં સહભાગીઓ વાતચીતમાં જોડાશે.

5. AED - 2023 વિશે વધુ માહિતી માટે, કૃપા કરીને મુલાકાત લો - https://puneinternationalcentre.org/asia-economic-dialogue-2023/

નવી દિલ્હી
ફેબ્રુઆરી 22, 2023

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.